# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

પો.બો. નં. –૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

ફોન નં. (૦૨૭૬૬) ૨૩૭૦૦૦ ફેકસ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website: www.ngu.ac.in

નં. પનિ / પર / ૨૦૨૧

તા. ૧૨ / ૦૧ / ૨૦૨૧

પ્રતિ,

તમામ આચાર્યશ્રીઓ, અધ્યક્ષશ્રીઓ, કો–ઓર્ડીનેટરશ્રીઓ

યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તથા પરીક્ષા કેન્દ્રના સંયોજકશ્રીઓ તથા પરીક્ષાર્થીશ્રીઓ

હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,

પાટણ

વિષય :– પરીક્ષા કેન્દ્ર બદલવા અંગે.....

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે, આગામી ડિસેમ્બર–જાન્યુઆરી, ૨૦૨૦ની અનુસ્નાતક કક્ષાની સેમેસ્ટર–૩ની પરીક્ષાઓ ઓફલાઈન પધ્ધતિથી તા. ૨૩/૦૧/૨૦૨૧થી ચાલુ થનાર છે. જેમાં COVID-19ની મહામારીને કારણે વિદ્યાર્થીઓના જાહેર હિતને ધ્યાને લઈ જો કોઈ વિદ્યાર્થી પોતાના રહેણાંક વિસ્તારની નજીક પરીક્ષાનું સેન્ટર બદલવા માંગતા હોય તેવાં વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની વેબસાઈટ **www.ngu.ac.inમાં Latest News & Eventsમાં Change Exam Center for Dec:2020 Offline Exam**માં કલીક કરતાં ફોર્મ ખુલશે. જેમાં વિદ્યાર્થી પોતાનો **એનરોલમેન્ટ નંબર** તથા ડિસેમ્બર–૨૦૨૦ માટેની પરીક્ષા માટે ફાળવેલ **બેઠક નંબર** નાખવાથી ફોર્મ ભરી શકશે. જેમાં સામેલ પરીક્ષા કેન્દ્રની યાદીમાંથી કોઈપણ પરીક્ષા કેન્દ્ર પસંદ કરી શકાશે.

એક વખત પરીક્ષા કેન્દ્ર ફેરફાર કર્યા પછી ફેરફાર કરેલ પરીક્ષા કેન્દ્ર પરથી જ પરીક્ષા આપવાની રહેશે. તેમજ તે અંગે કોઈ રજૂઆતો ધ્યાનમાં લેવામાં આવશે નહી. જેની સર્વેએ નોંધ લેવી.

વધુમાં યુનિવર્સિટી પાસે રહેલ ડેટાને ધ્યાને લઈ જણાવવાનું કે, **એમ.એડ સેમ–૩ તથા એમ.એસ.ડબલ્યુ** સેમ–૩માં દક્ષિણ ગુજરાતમાંથી ઘણાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં આવે છે. આથી આ વિસ્તારના વિદ્યાર્થીની રજૂઆતને ધ્યાને લઈ **ઉછલ તા. ઉછલ જી. વ્યારા** ખાતે પરીક્ષા કેન્દ્ર આપવાની વિચારણા કરેલ છે. માટે આ વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓએ આ પરીક્ષા કેન્દ્ર પરથી પરીક્ષા આપવા માટે પણ ઉપર જણાવેલ લીંકમાં જઈ ફોર્મ ભરવાનું રહેશે.

આભાર સહ

| | | |
|---|---|---|
| **રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ** | **:** | **૨૦/૦૧/૨૦૨૧** |
| **ઉછલ પરીક્ષા કેન્દ્ર પરથી પરીક્ષા આપવા માટે રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ** | **:** | **૧૮/૦૧/૨૦૨૧** |

(મિતુલ એમ. દેલીયા)

કા.પરીક્ષા નિયામક

નકલ રવાના :–

૧. હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ / સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ /સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો–ઓર્ડીનેટરશ્રી તરફ જાણ કરવા સારુ.

૨. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર – ગુજરાત તરફ

૩. કુલપતિશ્રી / કુલસચિવશ્રી / મુખ્ય હિસાબી અધિકારીશ્રી તરફ જાણ સારુ.

૪. મદદનીશ કુલસચિવશ્રી, કચેરી અધિક્ષકશ્રી, હેડ કલાર્ક (પરીક્ષા તથા એકેડેમિક શાખા).

૫. કાર્યાલય / પરીક્ષા વિભાગ નોટીસ બોર્ડ.

૬. હેમ. ઉ. ગુ. યુનિ. પૂછપરછ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારુ.

૭. સિસ્ટમ એનાલિસ્ટશ્રી (વેબસાઈટ પર મૂકવા માટે).

૮. મહેકમ શાખા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ તરફ પરિપત્રની ફાઈલ અર્થે.

૯. ઈન્ચાર્જ, સબ સેન્ટર હેમ.ઉ.ગુ.યુનિ, વડાલી

૧૦. સંબંધિત પરીક્ષાર્થીઓ તરફ જાણ સારુ